ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૪ ટકા ● સાંજે ૨૯ ટકા

# અખાત્રીજ પર બની રહ્યા છે ૬ શુભ યોગ

## લક્ષ્મીની પૂજા કરવાથી અને ખરીદી કરવાથી લક્ષ્મીજીની કૃપા વરસે છે અને અનેકગણું ફળ પ્રાપ્ત થાય

ગાંધીનગર, તા.૧૮

૨૨ એપ્રિલના રોજ અક્ષય તૃતિયા છે, આ પાવન અવસરે ૬ શુભ યોગનું નિર્માણ થઈ રહ્યું છે. હિંદુ પંચાંગ અનુસાર વૈશાખ માસની શુક્લ પક્ષની તિથિએ અક્ષય તૃતિયા (અખાત્રીજ) ઊજવવામાં આવે છે. ૨૨ એપ્રિલના રોજ અક્ષય તૃતિયા છે, આ પાવન અવસરે ૬ શુભ યોગનું નિર્માણ થઈ રહ્યું છે.

અક્ષય તૃતીયા દિવાળી અને ધનતેરસ જેટલી જ શુભ હોય છે. આ દિવસે આભૂષણ તથા અન્ય નવી વસ્તુઓ ખરીદવાથી વ્યક્તિનું ભાગ્ય ચમકી જાય છે. આ પાવન અવસરે ૬ શુભ યોગનું નિર્માણ થઈ રહ્યું છે. અક્ષય તૃતિયાનો દિવસ માઁ લક્ષ્મીને સમર્પિત છે, આ દિવસે માતા લક્ષ્મીની પૂજા કરવાથી અને ખરીદી કરવાથી લક્ષ્મીજીની કૃપા વરસે છે અને અનેકગણું ફળ પ્રાપ્ત થાય છે.

એવું માનવામાં આવે છે કે અક્ષય તૃતીયા ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર પરશુરામના જન્મદિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે. દેશના અલગ-અલગ સ્થળોએ આ તહેવાર પરશુરામ જયંતિ તરીકે ઉજવવામાં આવે છે. સાથે જ એવું પણ કહેવાય છે કે આ દિવસે ગંગા નદી પૃથ્વી પર ઉતરી હતી. રાજા ભગીરથે ગંગાને પૃથ્વી પર અવતરવા માટે વર્ષો સુધી તપસ્યા કરી. આ દિવસે પવિત્ર ગંગામાં સ્નાન કરવું ખૂબ જ શુભ માનવામાં આવે છે. આ દિવસે દેવી અન્નપૂર્ણાની પૂજા કરવી પણ શુભ માનવામાં આવે છે. આ દિવસે ગરીબોને ભોજન કરાવો. જેના કારણે ઘરમાં ક્યારેય ભોજનની કમી નથી આવતી. સાથે જ એવું પણ કહેવાય છે કે આ દિવસથી મહર્ષિ વેદ વ્યાસજીએ મહાભારત લખવાનું શરૂ કર્યું હતું.



આ દિવસે તમે શ્રીમદ ભાગવત ગીતાના ૧૮મા અધ્યાયનો પાઠ કરી શકો છો. આ દિવસે સોના-ચાંદી જેવી વસ્તુઓમાં રોકાણ કરવું ખૂબ જ શુભ માનવામાં આવે છે. કહેવાય છે કે આ દિવસે ભગવાન કુબેરને ધનના દેવતા બનાવવામાં આવ્યા હતા. અક્ષય તૃતીયા ઉજવવા પાછળ આવી ઘણી વાતો છે.

અક્ષય તૃતીયાનો તહેવાર ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે. આ તહેવાર દેશના દરેક ક્ષેત્રમાં અલગ અલગ રીતે ઉજવવામાં આવે છે. જૈન ધર્મમાં પણ આ દિવસે શેરડીનો રસ પીને ઉપવાસ તોડવાની પરંપરા છે. આ દિવસે લોકો ભૂખ્યા અને ગરીબોને શેરડીનો રસ આપે છે. આમ કરવાથી પુણ્યની પ્રાપ્તિ થાય છે તેવું માનવામાં આવે છે.

- ● આયુષ્માન યોગ- ૨૧ એપ્રિલના રોજ સવારે ૧૦:૫૯ વાગ્યાથી ૨૨ એપ્રિલના રોજ સવારે ૯:૨૫ વાગ્યા સુધી રહેશે.
- ● સૌભાગ્ય યોગ- અક્ષય તૃતીયાના રોજ ૨૨ એપ્રિલના રોજ સવારે ૯:૨૫ વાગ્યાથી આગામી દિવસે સવારે ૮:૨૧ વાગ્યા સુધી રહેશે. આ યોગમાં જે પણ કાર્ય કરવામાં આવે છે, તેમાં હંમેશા સફળતા રહે છે.
- ● ત્રિપુષ્કર યોગ- ૨૨ એપ્રિલના રોજ સવારે ૫:૪૯ વાગ્યાથી સવારે ૭:૪૯ વાગ્યા સુધી રહેશે. આ યોગમાં જે કામ કરવામાં આવે છે તેનું ૩ ગણું ફળ પ્રાપ્ત થાય છે.
- ● સર્વાર્થ સિદ્ધિ યોગ- ૨૨ એપ્રિલના રોજ રાત્રે ૧૧:૨૪ વાગ્યાથી ૨૩ એપ્રિલના રોજ સવારે સવારે ૫:૪૮ વાગ્યા સુધી રહેશે.
- ● રવિ યોગ- અક્ષય તૃતીયાના રોજ રવિ નામક શુભ યોગ બની રહ્યો છે. ૨૨ એપ્રિલના રોજ રાત્રે ૧૧:૨૪ વાગ્યાથી ૨૩ એપ્રિલના રોજ સવારે સવારે ૫:૪૮ વાગ્યા સુધી રહેશે.
- ● અમૃત સિદ્ધિ યોગ- ૨૨ એપ્રિલના રોજ રાત્રે ૧૧:૨૪ વાગ્યાથી ૨૩ એપ્રિલના રોજ સવારે સવારે ૫:૪૮ વાગ્યા સુધી રહેશે



મધુવન ફ્લેટ, પ્લોટ નં. ૨૬૮માં ઓવરલોડના કારણે આગની ઘટના બની હતી. જેમાં બાજુના ફ્લેટમાં આગની જાણ થતા તાત્કાલિક ધોરણે પદમસિંહ ચૌહાણ, કોર્પોરેટરે ગાંધીનગર ફાયર ઓફિસરનો સંપર્ક કર્યો હતો અને ફાયર ટીમ સાથે રહી આગ ઓલવવામાં મદદ કરી હતી.

## ભાટ ખાતે ગાય માતા માટે એમ્બ્યુલન્સનો શુભારંભ



ગાંધીનગર, તા.૧૮

શ્રી ગૌધામ મહાતીર્થ પથમેડા સંચાલિત શ્રી સુરભીદત ગૌશાળા દ્વારા ગાય માતા માટે એમ્બ્યુલન્સનો શુભારંભ ભાટ ખાતે થયો હતો. આ શુભારંભે મેયર હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. આ એમ્બ્યુલન્સથી નિરાશ્રિત ગૌવંશ, અકસ્માતમાં ઘાયલ થયેલ ગાય માતાની સારવાર થશે. આ અવસરે અમદાવાદના સાંસદ એચ.એસ.પટેલ, ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય અલ્પેશભાઈ ઠાકોર, સ્ટે.ચેરમેન જશવંતભાઈ પટેલ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## શાર્દુલ શિશુ વિહાર દ્વારા ઉદ્‌ઘોષ-૨૦૨૩નું આયોજન







ગાંધીનગર, તા.૧૮

તાજેતરમાં ૧૬ એપ્રિલ, ૨૦૨૩ના રોજ શાર્દુલ શિશુ વિહાર, કર્ણાવતી ધ્વારા તેમના વાર્ષિકોત્સવ ઉદ્‌ઘોષ-૨૦૨૩નું આયોજન વસ્ત્રાલમાં ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી હોલમાં કરવામાં આવ્યું હતું. સમાજમાં વધી રહેલા પારિવારિક પ્રશ્નો, બાળકોના ભવિષ્યને લઈને વધી રહેલા શૈક્ષણિક પ્રશ્નો, તેમજ નાની ઉમરે જ ડીપ્રેશન, આપઘાત જેવા બનાવોનું પ્રમાણ વધ્યું છે ત્યારે આ તમામ પ્રશ્નોના જવાબ અને સમાધાન આપતી મહાનાટીકા "શાલીન કુટુંબ, પારિવારિક શાળા" અહીં દર્શાવવામાં આવી હતી. જેમાં ભાગ લેનાર તમામ કોઈ પ્રોફેશનલ નહીં પરંતુ શાર્દૂલમાં અભ્યાસ કરતા બાળકો તેમજ તેમના માતા-પિતા હતા. થીમ, સ્ક્રીપ્ટ, મ્યુઝીક, લાઈટીંગ તેમજ નાટકમાં જરૂરી મટીરીયલ આ બધું જ જાતે જ તૈયાર કરવામાં આવ્યું હતું. આશ્ચર્યની વાત એ હતી કે ૪ કલાકના આ કાર્યક્રમમાં ચિક્કાર ભરાયેલો હોલમાં મહાનાટીકાએ રંગ જમાવ્યો હતો.

અભિભાવકોની એક્ટિંગ અને વાસ્તવિકતા દેખાડતી આ નાટીકામાં લોકો પોતાના આંસુ રોકી ન શક્યા હતા.તો ક્યારેક પેટ પકડી હસી પડ્યા હતા. એટલું જ નહીં સસ્પેન્સ, પ્રશ્ન, ભય, સંગીત આવા તમામ રસથી ભરપૂર નાટક જોઈ આવનાર દરેક માતા પિતા પોતાની જગ્યા ઊભા થઈને ઝૂમ્યા અને પોતાના બાળકના ઘડતરની શીખ લઈને ગયા હતા. નાટીકામાં શાર્દૂલના બાળકોએ કરેલ હનુમાન ચાલીસા પર યોગાસન, શાસ્ત્રાર્થ અંતાક્ષરી, રોપ મલખમ જેવી કૃતિઓએ લોકોને આશ્ચર્યચકીત કરી દીધા હતા. આ કાર્યક્રમથી તમામ દર્શકો એક પ્રેરણા સાથે પાછા વળ્યા હતા કે આપણું કુટુંબ આદર્શ બનાવીશું અને આપણી શાળામાં પરિવરારિક ભાવના ખીલવિશું.



અમદાવાદ પૂર્વના સાંસદ હસમુખભાઈ પટેલ એ ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે પ્રથમ વખત શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ અવસરે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણાએ તેમનું બુકેથી સ્વાગત-અભિવાદન કરીને શહેરના અવિરત વિકાસની ચર્ચા કરી હતી. આ વેળાએ ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર, ડે.મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે.ચેરમેન જશવંતભાઈ પટેલ, કમિશનર જે.એન.વાઘેલા, ડે.કમિશનર તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ઉનાવા વિદ્યાર્થી આશ્રમના શતાબ્દી પર્વ ઉપક્રમે તા.૨૨મીએ સમારોહ

ગાંધીનગર, તા.૧૮

વિદ્યાર્થી આશ્રમ ઉનાવા દ્વારા શતાબ્દી પર્વના ઉપક્રમે ભારત સરકારના સહયોગથી નવીન સ્થાપિત અટલ ટીકરીંગ લેબોરેટરીનું ઉદઘાટન અને વિદ્યાર્થી આશ્રમ સંચાલિત સંસ્થાઓમાં સેવાઓ આપેલ ગુરુજનોને સન્માનિત કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા.૨૨ એપ્રિલને શનીવારે સાંજે ૪થી ૮ કલાકે વિદ્યાર્થી આશ્રમ ઉનાવા ખાતે આયોજિત કાર્યક્રમમાં નરહરી અમીન (સાંસદ-રાજયસભા), નારણભાઈ બી.પટેલ (ચેરમેન-પુખરાજ હોસ્પીટલ), રીટાબેન પટેલ (ધારાસભ્ય-ગાંધીનગર ઉત્તર) સહિત મહાનુભાવો હાજર રહેશે.

## સચિવાલય ખાતે મહિલા સ્વ-રક્ષણ અને સલામતી પર તાલીમ સેમિનારનું આયોજન



ગાંધીનગર, તા.૧૮

સચિવાલય, ગાંધીનગર ખાતે સચિવાલય કલ્યાણ સમિતિ અને સામાન્ય વહીવટી વિભાગના સહયોગથી ઈન્ટરનેશનલ વુશુ ચેમ્પિયન અને માર્શલ આર્ટ એક્સપર્ટ અમનદીપ સિંહ દ્વારા મહિલા સ્વ-રક્ષણ અને સલામતી પર તાલીમ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત વિધાનસભા અને સચિવાલયની ૨૦૦-૨૫૦ મહિલા કર્મચારીઓ અને અધિકારીઓએ ભાગ લીધો હતો. આ સેમિનારના મુખ્ય મહેમાન જ્વલંત ત્રિવેદી (અધિક સચિવ, પ્રોટોકોલ, ગુજરાત સરકાર) અને જીજ્ઞેશ ચૌધરી (ઉપ સચિવ, પ્રોટોકોલ, ગુજરાત સરકાર) હતા. આ તાલીમ સેમિનારમાં અમનદીપ સિંહ અને તેમની ટીમે મહિલાઓને શીખવ્યું કે જ્યારે તેઓ ઘરેલુ હિંસા, જાતીય સતામણી, ઈવ-ટીઝિંગ, અપહરણ, બળાત્કાર વગેરે જેવી મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરે ત્યારે કેવી રીતે રક્ષણ કરવું. સ્ત્રીઓને ૧૦ સંવેદનશીલ ભાગો પણ શીખવવામાં આવ્યા હતા જ્યાં તેઓ હુમલો કરી શકે છે અને બચાવમાં સફળતા મેળવી શકે છે.

# ગાંધીનગરમાં ૧૩મી મે ના રોજ જિલ્લાકક્ષાની લોક અદાલત

ગાંધીનગર, તા. ૧૮

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, દિલ્હી દ્વારા સમગ્ર દેશમાં તારીખ ૧૩ મે, ૨૦૨૩ના રોજ નેશનલ અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. તેના ભાગરૂપે રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ તેમજ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના આદેશ અનુસાર અત્રેની જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, પ્રથમ માળ, ન્યાયમંદિર, સેક્ટર-૧૧, ગાંધીનગર દ્વારા ૧૩મી મે, ૨૦૨૩ના રોજ જિલ્લાકક્ષાએ તેમજ તાલુકા કક્ષાની તમામ અદાલતોમાં નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં નીચે મુજબના કેસો મુકવામાં આવશે. સમાધાન લાયક ફોજદારી કેસો, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ-૧૩૮ના કેસ, બેન્કનાં લેણાના દાવા, મોટર અકસ્માત વળતર કેસ, લેબરને લગત કેસ, ઈલેક્ટ્રીસીટી તેમજ પાણીના વેરોના કેસ, લગ્ન વિષયક કેસ (છુટાછેડા સિવાયના), જમીન સંપાદનના કેસ, પે, અલાઉન્સીસ અને રીટાયરલ બેનીફીટ્સને લગતી સર્વિસ મેટર, રેવન્યુ કેસ, અન્ય સીવીલ કેસ મુકવામાં આવશે. જે પક્ષકારોને કોર્ટમાં ઉપરોક્ત દર્શાવેલ કેસને લગતા પેન્ડીંગ કેસોનું સુખદ સમાધાન કરવા ઈચ્છતા હોય તેઓએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિ કલોલ, માણસા, દહેગામ તેમજ ગાંધીનગરની કચેરીનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે. વધુ માહિતી માટે અત્રેની જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગર, રૂમ નંબર ૧૦૧, પ્રથમ માળ, ન્યાયમંદિર, સેક્ટર-૧૧, ગાંધીનગરનો સંપર્ક કરવો તેમજ સંપૂર્ણ લોક અદાલતમાં સરકારશ્રીની કોવીડ-૧૯ અન્વયે પ્રસિદ્ધ કરેલ ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧
ગાંધીનગર સમાચાર

## પેથાપુર પોલીસની પ્રસંશનીય કામગીરી

ગાંધીનગર, તા.૧૮

સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, ગાંધીનગર ખાતે તાજેતરમાં લેવાયેલ ઈન્ટરનલ પરીક્ષા દરમિયાન છ જેટલા વિદ્યાર્થીઓના મોબાઈલની ચોરી થયેલ હતી. આ ઘટનાની પોલીસ ફરીયાદ કોલેજના વાઈસ પ્રિન્સીપાલ ડો.રસિક તન્ના દ્વારા નોંધાવામાં આવી હતી. પેથાપુર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીએસઆઈ વિમલા વર્મા, પીએસઆઈ એ.એફ.જામીત, હે.કો.હુસેનભાઈ ખોખર, કો.યોગેશભાઈ શાહ અને સમગ્ર પોલીસ ટીમે સત્વરે પગલાં લીધા હતા અને ચાર જ દિવસમાં ગુનેગારને પકડી ચોરાયેલ મુદ્દામાલ જપ્ત કરેલ છે.



તા. ૧૭/૪/૨૩ના રોજ પરશુરામ જન્મોત્સવ શોભાયાત્રા માટે સેકટર ૧૬ બ્રહ્મભવન ખાતે મિટિંગનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુવા પ્રમુખ કિશ્નાભાઈ તેમજ તુષાર રાવલે શોભાયાત્રાની રૂપરેખા આપી હતી. આ વખતે શોભાયાત્રા સરગાસણ તેમજ રીલાયન્સ ચાર રસ્તા સુધી લંબાવી છે. જેથી કરી સેકટરો તેમજ સરગાસણ અને કુડાસણના ભુદેવ પરિવાર ભાગ લઈ શકે, જે ઉમર લાયક છે. તે સેકટર શાખાના પ્રમુખ સાથે વાત કરી તેમના સેકટર મેઈન રોડ પર આવે ત્યારે પરશુરામ દાદાનુ સ્વાગતમાં ભાગ લેશો. દરેક સેકટર શાખા પ્રમુખ રાજેશભાઈ દવે, ધંનજયભાઈ, ભાર્ગવભાઈ ભટ્ટ, બિપીનભાઈ જાની, નિગમભાઈ વ્યાસ દરેક સેકટરમાથી કેટલી સંખ્યા આવશે તેમજ કેટલુ ફંડ આવશે, તેમજ મહિલા પ્રમુખે તેમની પુરી તૈયારી બતાવી હતી. મિટિંગ રાત્રે ૧૦:૩૦ સમાપ્ત થઈ હતી.

## જન્મદિને વધામણી



અર્થ વૈષ્ણવ



નિધિ ભંડારી
લાયન્સ કલબ ઓફ ફેમીના, ગાંધીનગર



રોનક દત્ત



યથાર્થ જોશી



રેન્સી પ્રજાપતિ



નિષ્ઠાબેન જતીનકુમાર ઓઝા

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- ● સ્વ.ચાવડા તોજુબા રવજીસિંહ ઉ.વ.૫૯, પેથાપુર
- ● સ્વ.ઠાકોર મંગુબેન ચતુરજી ઉ.વ.૮૬, સરગાસણ
- ● સ્વ.વાઘેલા રાજેશકુમાર બાચુસિંહ ઉ.વ.૪૩, લેકાવાડા

પૂર્ણ પુરષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ ભગવાન ની અસીમ કૃપા અને આશીર્વાદ થી શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ન્યૂ ગાંધીનગર દ્વારા શ્રીકેત ત્રિવેદીને શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ન્યૂ ગાંધીનગરના યુવા પાંખના ઉપપ્રમુખ તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. જેથી શ્રીકેત ત્રિવેદીએ શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ન્યૂ ગાંધીનગર ના સર્વે હોદ્દેદારોનો આભાર વ્યક્ત કર્યો હતો.

